BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# મે 4 થી શરૂ થતી બ્રેમ્પટનની માઈલસ્ટોન ઈલેક્ટ્રિક બસો રોડ પર આવશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (મે 3, 2021) – આજરોજ, મેયર પૅટ્રિક બ્રાઉને (Patrick Brown), બ્રેમ્પટન સીટી કાઉન્સિલ વતી, ઘોષણા કરી કે મે 4 થી શરૂ કરીને બેટરી સંચાલિત ઈલેક્ટ્રિક બસો (BEBs) બ્રેમ્પટનના રોડ્સ પર આવશે.

આ પાન-કેનેડિયન BEB ડેમોન્સ્ટ્રેશન એન્ડ ઈન્ટિગ્રેશન ટ્રાયલના ભાગ રૂપે, પ્રમાણભૂત અને સંપૂર્ણપણે આંતર-ઉપયોગી BEBs અને હાઈ-પાવર્ડ ઓવરહેડ ઓન-રૂટ ચાર્જીંગ સિસ્ટમ્સ આજની તારીખ સુધીમાં વૈશ્વિક સ્તરે સૌથી વિશાળ સંચાલન હશે.

બ્રેમ્પટન Nova Bus (નોવા બસ), New Flyer (ન્યૂ ફ્લાયર) ઈન્ડસ્ટ્રિઝ, ABB ઈન્ક., Siemens (સીમેન્સ) કેનેડા, અને Newmarket-Tay Power Distribution Ltd (ન્યૂમાર્કેટ-ટૅ પાવર ડિસ્ટ્રિબ્યુશન લિમિટેડ) સાથેની ભાગીદારીમાં વૈશ્વિક સ્તરે આ પ્રથમ, સંપૂર્ણપણે આંતર-ઉપયોગી બસો અને ચાર્જીંગ સિસ્ટમ્સના બહુ-શહેરી સંચાલનમાં ટ્રાન્સલિંક અને યોર્ક રીજીયન ટ્રાન્ઝિટ સાથે જોડાય છે. કેનેડિયન અર્બન ટ્રાન્ઝિટ રિસર્ચ એન્ડ ઈનોવેશન કન્ઝોર્ટિયમે (CUTRIC) આ પ્રોજેક્ટ 2017 માં શરૂ કર્યો હતો. જુદા જુદા ઉત્પાદકોના વાહનો અને ચાર્જર્સનો સંપૂર્ણપણે આંતર-ઉપયોગી સ્વરૂપે ઉપયોગ કરી શકાય તેવું દુનિયામાં પહેલી વાર બનશે, જેનો અર્થ એ થાય કે તેઓનું ચાર્જીંગ કરવા એકબીજાની ચાર્જીંગ માળખાગત સગવડોમાંના પ્લગમાં તેઓને નાખી શકાય છે.

બ્રેમ્પટનનું સંચાલન અન્ય શહેરોના સંચાલનથી જુદું પડે છે જ્યાં બસો માત્ર નિર્ધારિત ચાર્જીંગ ડેપોમાં ચાર્જ કરી શકાય છે. બ્રેમ્પટનના ડેપો અને રોડ પર ચાર્જીંગના વિકલ્પો ઈલેક્ટ્રિક બસો પર રોજિંદી પ્રવાસ હદોમાં વધારો થવા દે છે.

આ સફળ ઈલેક્ટ્રિક બસ ટેકનોલોજી શૂન્ય ટેઈલપાઈપ ઉત્સર્જનને સહાયરૂપ બનશે અને પ્રદૂષણ ઘટાડશે. બસો પોતાના જીવનચક્રમાં શૂન્યની નજીક ઉત્સર્જન પણ હાંસલ કરશે, જે ડીઝલ સમકક્ષથી થતા ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો હશે. દરેક બસને 10 મિનિટથી ઓછાં સમયમાં સંપૂર્ણપણે ચાર્જ કરી શકાય છે.

બ્રેમ્પટન ટ્રાન્ઝિટ પોતાના કાફલામાં આઠ BEBs ઉમેરશે જેમાંની બે નોવા બસ (Nova Bus) ની અને છ ન્યૂ ફ્લાયર (New Flyer) ની હશે. BEBs મે 4 નાં રોજ સેવામાં રજૂ કરવામાં આવશે, જે રૂટ 26 માઉન્ટ પ્લીઝન્ટથી શરૂ થઈને, પછી રૂટ 23 સેન્ડલવૂડ સુધી રહેશે. ચાર હાઈ-પાવર્ડ (450 kWh) ઓવરહેડ પેન્ટોગ્રાફ ઑન-રૂટ ચાર્જીંગ સ્ટેશન્સ માઉન્ટ પ્લીઝન્ટ વિલેજ ટર્મિનલ, ધી ક્વીન સ્ટ્રીટ/હાઈવૅ 50 ઝુમ સ્ટેશન, અને સેન્ડલવૂડ ટ્રાન્ઝિટ ફેસિલિટીમાં ઈન્સ્ટૉલ કરવામાં આવ્યા છે, જેમાંથી ત્રણ ABB ઈન્ક.નાં અને એક Siemens (સીમેન્સ) કેનેડા લિમિટેડના છે.

બ્રેમ્પટન પ્રોજેક્ટના સમયગાળા માટે, બધી BEBs અને ચાર્જર્સમાં નવી બ્રાંડિંગ ડિઝાઈન હશે, જે બાકી કાફલાથી અજોડ હશે.

**બેકગ્રાઉન્ડ (પશ્ચાદભૂ)**

વર્ષ 2019 માં, માનનીય કૅથેરીન મૅકેન્ના (Catherine McKenna) જેઓ તે સમયે પર્યાવરણ અને આબોહવા ફેરફાર મંત્રી હતા, તેણીએ પાઈલોટ પ્રોજેક્ટનો તબક્કો 1 માટે $11.15 મિલિયન ભંડોળની ઘોષણા કરી, જેનો કુલ ખર્ચ અંદાજે $16 મિલિયન થશે. સંઘીય ભંડોળ (ફેડરલ ફંડિંગ) એન્વાયરોન્મેન્ટ એન્ડ ક્લાઈમેટ ચેન્જ કેનેડાના લો (ઓછાં) કાર્બનના ઈકોનોમી ફંડ અને નેચરલ રિસોર્સીસ કેનેડાના ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર – ઈલેક્ટ્રિક વેહિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેમોન્સ્ટ્રેશન પ્રોગ્રામ મારફતે પૂરું પાડવામાં આવ્યું હતું.

બ્રેમ્પટન ટ્રાન્ઝિટ ઉચ્ચ-ગુણવત્તાની સેવા પૂરી પાડવા નવા અને નવીન ઉકેલોને પ્રોત્સાહિત કરવા કટિબદ્ધ છે જે સીટીની એકંદરે કાર્બન ફૂટપ્રિન્ટ અને ગ્રીન હાઉસ ગેસ (GHG) ઉત્સર્જન ઘટાડે છે. બ્રેમ્પટન ટ્રાન્ઝિટ હાલમાં પોતાના કાફલામાં 450 બસોથી સંચાલિત છે, જેમાં 133 ડીઝલ-ઈલેક્ટ્રિક હાઈબ્રિડ ઝુમ (Züm) બસ રેપિડ ટ્રાન્ઝિટ બસો સામેલ છે.

BRAMPTON

**Media Release**

**અવતરણો (ક્વૉટ્સ):**

“હું મે 4 થી બ્રેમ્પટનના રોડ્સ પર શરૂ થતી ઈલેક્ટ્રિક બસોનો પ્રારંભ કરવાની ઘોષણા કરતા રોમાંચ અનુભવું છું. બ્રેમ્પટન એક હરિયાળુ શહેર છે, આ આપણાં સમુદાય માટે સ્થિરતા જાળવવા માટે એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. અમે બ્રેમ્પટનમાં પાન-કેનેડિયન બેટરી ઈલેક્ટ્રિક બસ ડેમોન્સ્ટ્રેશન એન્ડ ઈન્ટિગ્રેશન ટ્રાયલ માટે નવીન શોધમાં CUTRIC, આપણાં પ્રોજેક્ટ ભાગીદારો અને અગ્રણીઓ સાથે સહયોગ સાધવામાં ગૌરવ અનુભવીએ છીએ. આ પ્રોજેક્ટ વૈશ્વિક સ્તરે પ્રથમ છે, અને વધુમાં આપણાં ટ્રાન્ઝિટ નેટવર્કને વધારે વિસ્તૃત બનાવશે, જે કેનેડામાં સૌથી ઝડપથી વિકસતા નેટવર્કમાંનું એક છે.”

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"આ સંચાલન કેનેડાને ઈલેક્ટ્રિક બસ નવીનતાથી ખદબદતું બનાવે છે. આ વર્ષે સીટી ઓફ઼ બ્રેમ્પટનના સફળ સંચાલન સાથે પાન-કેનેડિયન બેટરી ઈલેક્ટ્રિક બસ ડેમોન્સ્ટ્રેશન એન્ડ ઈન્ટિગ્રેશન ટ્રાયલની વૃદ્ધિથી એ ખાતરી કરવામાં મદદ મળી રહી છે કે ટ્રાન્ઝિટ એજન્સીઓ, શહેરો અને ફ઼ેડરલ ગવર્મેન્ટને વિવિધ સ્પર્ધકો પાસેથી બધી રીતે કાર્યરત સિસ્ટમ્સ પસંદ કરવા દઈને પોતાના નાણાં માટે શ્રેષ્ઠતમ વળતર મળે. આ પ્રોજેક્ટ સમગ્ર ઉદ્યોગ આંતર-ઉપયોગતા અને પ્રમાણીકરણ તરફ઼ ખસેડાયો છે. આ કરદાતાઓ માટે સારા સમાચાર છે અને ટ્રાન્ઝિટ પ્રવાસીઓ માટે ચડિયાતા સમાચાર છે. આ પ્રોજેક્ટ બ્રેમ્પટન, ઓન્ટેરિયો અને કેનેડામાં મોટી કંપનીઓ મારફ઼તે લો (ઓછાં) કાર્બન ટેકનોલોજીવાળી નોકરીઓનું સર્જન કરી રહ્યું છે અને વિદેશી સીધું રોકાણ આકર્ષી રહ્યું છે, જે આપણે COVID-19 મહામારીમાંથી બહાર નીકળવા કામ કરીએ છીએ ત્યારે અગાઉ કરતા વધારે નિર્ણાયક બાબત છે."

- *જોસિપા પૅટ્રુનિક (Josipa Petrunic), પ્રેસિડન્ટ અને CEO - CUTRIC*

“બ્રેમ્પટન સીટી કાઉન્સિલ આપણાં શહેરની કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા સમર્પિત છે. અમે વર્ષ 2050 સુધીમાં બ્રેમ્પટનમાં ઉત્સર્જીત થતું ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન 80 ટકા જેટલું ઘટાડવાના પ્રવાસમાં છીએ. હું દરેક વ્યક્તિને બ્રેમ્પટનની પહેલી ઈલેક્ટ્રિક બસો રોડ્સ પર ધ્યાનમાં લેવા પ્રોત્સાહિત કરું છું, જે દર વર્ષે, બસ દીઠ લગભગ 235 ટન જેટલો CO2 (કાર્બન ડાયોક્સાઇડ) બચાવશે!"

- *પૉલ વિસેંટે (Paul Vicente), પ્રાદેશિક કાઉન્સિલર, વૉર્ડ્સ 1 અને 5; અધ્યક્ષ, પબ્લિક વર્ક્સ એન્ડ એન્જીનીયરિંગ, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

“બ્રેમ્પટન સીટી કાઉન્સિલે તાજેતરમાં આપણાં શહેર માટે અદ્યતન બ્રેમ્પટન ગ્રો ગ્રીન એન્વાયરોન્મેન્ટલ માસ્ટર પ્લાન મંજૂર કર્યો, અને ઈલેક્ટ્રિક બસો વધારે હરિયાળા શહેર માટે આ લક્ષ્યને સહાયરૂપ બને છે. આ પાન-કેનેડિયન બેટરી ઈલેક્ટ્રિક બસ ડેમોન્સ્ટ્રેશન એન્ડ ઈન્ટિગ્રેશન ટ્રાયલ વૈશ્વિક આબોહવા ફ઼ેરફ઼ારમાં આપણો ફ઼ાળો ઘટાડવામાં અને સ્થિરતા પહેલોની આગેવાની કરવામાં અન્ય મ્યુનિસિપાલિટીઓને મદદરૂપ થશે.”

- *ડગ વ્હિલન્સ (Doug Whillans), સીટી કાઉન્સિલર, વૉર્ડ્સ 2 અને 6; સભ્ય, એન્વાયરોન્મેન્ટ એડ્વાઈઝરી કમિટી; સભ્ય, CEERP કમ્યુનિટી ટાસ્ક ફ઼ોર્સ, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

“બ્રેમ્પટન સ્થિરતામાં અગ્રણી છે, અને બ્રેમ્પટન ટ્રાન્ઝિટના કાફ઼લાનું વીજળીકરણ કરવામાં આ પહેલું પગલું છે. અમે ટ્રાન્ઝિટ અને સક્રિય પરિવહન તકો સુધારવા, ઊર્જા કાર્યક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવા, અને બ્રેમ્પટનમાં નવીન ટેકનોલોજી લાવવા કટિબદ્ધ છીએ.”

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફ઼િસર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

“કેનેડાવાસીઓ પોતાને જવાની જરૂર હોય ત્યાં પહોંચવા વધારે હરિયાળા વિકલ્પો શોધી રહ્યાં છે, એટલે અમે તેઓને તે જ આપી રહ્યાં છીએ. સીટી ઓફ઼ બ્રેમ્પટનની ઈલેક્ટ્રિક બસનો પાઈલોટ પ્રોજેક્ટ આપણને નેટ-ઝીરો (ચોખ્ખું-શૂન્ય) ઉત્સર્જન તરફ઼ પહોંચાડવામાં મદદરૂપ થશે.”

- *માનનીય સીમસ ઑ'રેગન જુનિયર (Seamus O’Regan Jr.), મિનિસ્ટર ઓફ઼ નેચરલ રિસોર્સીસ*

BRAMPTON

Media Release

"બ્રેમ્પટનવાસીઓને વધારે ઝડપી, બહુ સાફ અને વધારે પરવડી શકતી રીતો પહોંચાડવામાં મદદરૂપ થવું એ શૂન્ય-ઉત્સર્જન કરતી બસોમાં આપણાં રોકાણનું લક્ષ્ય છે. આજની શરૂઆત વર્ષ 2050 સુધીમાં ઉત્સર્જનને 80 ટકા સુધી ઘટાડવાના બ્રેમ્પટનના મહત્વાકાંક્ષી લક્ષ્ય તરફ, અને 5 વર્ષોમાં 5,000 શૂન્ય ઉત્સર્જન કરતી બસો ઉમેરવા આપણી સરકારની કટિબદ્ધતા તરફ મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તે કેનેડિયન નોકરીઓ, આબોહવા ફેરફારનો સામનો કરશે, અને બહુ સાફ, વધારે સર્વગ્રાહી સમુદાયોનું નિર્માણ કરવામાં સહાયરૂપ બનશે."

- *માનનીય કૅથેરિન મૅકૅન્ના (Catherine McKenna), મિનિસ્ટર ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ કમ્યુનિટીસ*

"આપણે 2050 સુધીમાં નેટ-ઝીરો ઉત્સર્જન તરફ આગળ વધીએ છીએ ત્યારે કેનેડાના પરિવહન ક્ષેત્રનું વીજળીકરણ કરવાથી વધારે ચોખ્ખી હવા મેળવવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા ફાળો આપવાની સાથે સાથે વિશાળ આર્થિક તકો ઊભી થશે. સંઘીય સહાયતા વડે, સીટી ઓફ બ્રેમ્પટન એક પગેરું ઝગમગાવી રહ્યું છે, અને કેનેડાવાસીઓને લો(ઓછાં) કાર્બનના અર્થતંત્રમાં પરિવર્તનથી વ્યવહારું લાભો બતાવવાનું કામ અહીં પહેલેથી થઈ રહ્યું છે."

- *માનનીય જોનાથન વિલ્કિન્સન (Jonathan Wilkinson), મિનિસ્ટર ઓફ એન્વાયરોન્મેન્ટ એન્ડ ક્લાઈમેટ ચેન્જ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**સીટી ઓફ બ્રેમ્પટન મીડિયા સંપર્ક**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca

**નેચરલ રિસોર્સીસ કેનેડા મીડિયા સંપર્ક**
343-292-6100
nrcan.media.rncan@canada.ca

**ઓફિસ ઓફ ધી મિનિસ્ટર ઓફ નેચરલ રિસોર્સીસ મીડિયા સંપર્ક**
ઈયાન કૅમેરોન (Ian Cameron)
પ્રેસ સેક્રેટરી (Press Secretary)
613-447-3488
Ian.Cameron@canada.ca

**CUTRIC મીડિયા સંપર્ક**
ગ્રેસ રેલી (Grace Reilly)
ગવર્મેન્ટ અને પબ્લિક રિલેશન્સ ઓફિસર
514.244.3244
grace.reilly@cutric-crituc.org